# ભાજપ-શિવસેના ગઠબંધનનો અંત

## મહારાષ્ટ્રના રાજકારણમાં હવે રાજકીય સમીકરણો બદલાશે : એનસીપી - ભાજપ વચ્ચે સમજુતિની વધતી શકયતા

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી માટે છેલ્લા એક મહિનાથી ભાજપ-શિવસેના વચ્ચે બેઠકોની તડજોડ ચાલતી હતી. વિવાદ ખૂબ જ ગહેરો બનતો ગયો અને અંતે આજે સાંજે ભારતીય જનતા પાર્ટીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ શ્રી દેવેન્દ્ર ફડનવીસે મિડીયા સમક્ષ અધિકૃત જાહેરાત કરી હતી કે શિવસેના સાથે ભાજપના ગઠબંધનની વાતનો આજે અંત આવે છે. ૨૫ વર્ષથી ચાલતું આ ગઠબંધનનો ખૂબ જ કરૂણ હાલતમાં ચૂંટણી ટાણે અંત આવતાં રાજકીય સમીકરણો બદલાશે. ફડનવીસે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે શિવસેનાનું બદલાતું વલણ અને સતત જુદી જુદી ફોર્મ્યુલાઓ મુકી ગુંચવણો ઉભી કરવાની પધ્ધતિ અસ્વીકાર્ય બની હતી. શિવસેના અને ભાજપનું ગઠબંધન તૂટી પડતાં મહારાષ્ટ્ર વિધાનસભામાં એક નવી રાજકીય ધરી આકાર લેશે એમ મનાય છે.

રાજકીય વર્તુળો એમ માને છે કે યુપીએમાં પણ કોંગ્રેસ અને એનસીપી વચ્ચે તિરાડ વધતી જાય છે. અને એનસીપી કોંગ્રેસ સાથે ગમે ત્યારે છેડો ફાડી શકે છે ત્યારે એનસીપી અને ભાજપ સાથે મળી નવી યુતી રચે એવી શકયતાનો પણ ઈન્કાર થઈ શકે એમ નથી. તાજેતરમાં પ્રફુલ પટેલ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વલણ અંગે જાહેરમાં પ્રશંસા કરાઈ હતી. જેથી એવું માનવાને કારણ છે કે એનસીપી ડુબતી કોંગ્રેસનો સાથ છોડશે અને ઉગતા ભાજપ સાથે બેસી સત્તામાં ભાગીદારી કરી શકે જેના કારણે લોકસભા અને રાજસભામાં પણ સમીકરણો બદલાઈ શકે છે. જો કે ભાજપની સ્પષ્ટ અને જંગી બહુમતીના કારણે રાજકીય ફેરફારને કોઈ અવકાશ નથી. પરંતુ શિવસેનાને સત્તાથી અલિપ્ત કરી દેવાશે એ વાત જોરશોરથી દિલ્હીના રાજકારણમાં ચાલી રહી છે. ઉદ્ધવ ઠાકરેની બાહોશી છતાં અસમંજસ નીતિને કારણે ગઠબંધનનો કરુણ અંત આવ્યો છે. બાલ ઠાકરે અને બાજપાઈ, અડવાણીની જોડી દેશના રાજકારણમાં વર્ષો સુધી અખંડ રહી સત્તાની સાઠમારીમાં અને કયાંક સ્વાર્થી અને સંકુચિત સમીકરણોમાં એક વિચારધારા પક્ષો હોવા છતાં સાથે બેસી ન શકવાનું દુઃખ બંને તરફ વ્યકત થઈ રહ્યું છે. માત્ર ૨૦ થી ૨૨ બેઠકોનો વિવાદ આ સમગ્ર સમજુતિને તોડી નાખવાનું નિમિત્ત બન્યું છે. બનવા જોગ છે કે શિવસેના અને ભાજપની યુતી તોડતા મનસે પણ વધુ શકિતશાળી બની શકે એમ છે. રાજકારણમાં દિન પ્રતિદિન વધતી સ્વાર્થી વૃત્તિ પ્રવૃત્તિના કારણે વિચારધારા આધારિત ગઠબંધનો તુટતા હોય છે. અને એનું આ આદર્શ ઉદાહરણ છે. હિન્દુવાદી વિચારધારા બંને પક્ષોના મૂળમાં છે. રાજનાથસિંહ અને ઉદ્ધવ ઠાકરેની, અમિત શાહ અને ઉદ્ધવ ઠાકરેની, મોદી અને ઉદ્ધવ ઠાકરેની શ્રેણીબદ્ધ બેઠકો છતાં પણ કોઈ સમજુતિ પર આવી ન શકાયું. શિવસેનના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેની ૨૭મીએ મુંબઈમાં મહારેલી યોજાશે. આ રેલીમાં શિવસેના પોતાની રાજકીય રણનીતિ જાહેર કરશે.



# ભારતના સૌથી અમીરમાં મુકેશ અંબાણી પ્રથમ ક્રમે

મુંબઈ,તા. ૨૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણી ફોર્બ્સ મેગેઝીનની ટોપ-૧૦૦ સૌથી અમીર ભારતીયોની યાદીમાં સતત આઠમાં વર્ષે પ્રથમ ક્રમાંક પર રહ્યા છે. તેમની સંપત્તિ ૨૩.૬ અબજ ડોલરની આસપાસ રહી છે.

ગયા વર્ષ બાદથી તેમની સંપત્તિમાં ૨.૬ અબજ ડોલરનો વધારો થયો છે. પ્રથમ વખત ભારતમાં તમામ ૧૦૦ સૌથી અમીરની યાદીની સંપત્તિમાં વધારો થયો છે. સંયુક્ત સંપત્તિ ભારતના ૧૦૦ સૌથી અમીર લોકોની વધીને ૩૪૬ અબજ ડોલર થઈ છે. જે ૨૦૧૩માં ખૂબ જ સારી સ્થિતિનો સંકેત આપે છે. ફોર્બ્સ એશિયાના ઈન્ડિયા એડીટર નાઝનીન કર્માલીએ કહ્યું છે કે, કેન્દ્રમાં નવી સરકાર આવ્યા બાદ શેરબજારમાં તીવ્ર તેજી નોંધાઈ છે. ભારતની દવા બનાવતી સૌથી મોટી કંપની સન ફાર્મા ઈન્ડસ્ટ્રીના સ્થાપક દિલીપ સંઘવી બીજા ક્રમાંકે પહોંચ્યા છે. તેઓએ સ્ટીલ સમ્રાટ લક્ષ્મી મિત્તલને પછડાટ આપી દીધી છે. લક્ષ્મી મિત્તલ પાંચમાં સ્થાને રહ્યા છે. ૫૯ વર્ષીય સંઘવીની સપંત્તિમાં ૪.૧ અબજ ડોલર સુધીનો વધારો થતાં તેમની સંપત્તિ વધીને ૧૮ અબજ ડોલર પહોંચી છે. અઝીમ પ્રેમજીની સંપત્તિમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. તેમની સંપત્તિ વધીને ૧૬.૪ અબજ થઈ છે. યાદીમાં સ્થાન મેળવવા માટે લઘુત્તમ રકમ એક અબજ ડોલર હોવી જોઈએ.



### દસ વર્ષના બાળકો બેંક ખાતા ઓપરેટ કરી શકશે

# બેંક ખાતા ઓપરેટ કરવા બાળકોને મંજૂરી અપાઇ

મુંબઇ,તા. ૨૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં એસબીઆઇ અને આઈસીઆઈસીઆઇ બેંકે નવી પહેલ કરીને બાળકોને બેંક ખાતા ઓપરેટ કરવાની મંજૂરી આપી દીધી છે. એસબીઆઇ અને આઈસીઆઈસીઆઇ દ્વારા મંજૂરી આપવામાં આવ્યા બાદ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઇ રહી છે. સ્કુલે જતા ૧૦ વર્ષથી ઉપરના બાળકોને મંજૂરી આપી દેવામાં આવી છે. હવે એસબીઆઇ અને આઈસીઆઈસીઆઇ બેંક સાથે બાળકો લેવડદેવડ કરી શકશે. આ બાળકો બેંક ખાતા ઓપરેટ કરી શકશે. ચેક પણ સાઇન કરી શકશે. સાથે સાથે એટીએમ કાર્ડ પોતાની રીતે જ જાળવી શકશે. મે મહિનામાં રીઝર્વ બેંક દ્વારા માસુમ બાળકોને આ સુવિધા આપવાની મંજૂરી આપી હતી. બાળકો બચત કરી શકે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. એકમાત્ર શરત એવી છે કે બાળકોને કોઇ ઓવરડ્રાફ્ટ અને ક્રેડિટ ફેસિલિટી આપવામાં આવશે નહી. એસબીઆઇ દ્વારા પહલા કદમ અને પહેલી ઉડાણ નામથી બાળકો માટે આ સેવા શરૂ કરી છે. આ સેવા પાંચમી સપ્ટેમ્બરાન દિવસે શિક્ષક દિવસના પ્રસંગે શરૂ કરવામાં આવી હતી. હવે આઈસીઆઈસીઆઇ દ્વારા પણ સ્માર્ટ સ્ટાર્ટસ નામનથી બાળકો માટે સ્કીમ શરૂ કરી છે. બન્ને બેંકો ફોટો ડેબિટ કાર્ડની સેવા આપશે. મોબાઈલ અને નેટ બેકિંગની સુવિધા આપનાર છે. બાળકને ગાઇડ કરવા બેંકો દ્વારા કહેવામાં આવ્યું છે. બેંકો પેમેન્ટ માટે કાર્ડનો ઉપયોગ કરવા સ્કુલોમાં પણ જશે. સુરક્ષાના પગલારૂપે કેટલીક શરત રાખવામાં આવી છે. બાળકો માટે બેંક ખાતા ઓપરેટ કરવા વાર્ષિકરીતે ડેબિટ લેવડદેવડ મર્યાદા ૫૦૦૦૦ રાખી છે. જો વાલીની મંજૂરી રહેશે તો વાર્ષિક મર્યાદા બે લાખ સુધીની રહેશે.સ એસબીઆઇ દ્વારા કહેવામાં આવ્યું છે કે ૧૦ વર્ષથી ઉપરના તમામ બાળકો માટે પહેલી ઉડાણ સેવા રહેશે. યનિફોર્મ હસ્તાક્ષરને માન્ય ગણવામાં આવશે. કારણકે બેંકો બાળકો માટે હસ્તાક્ષરની ચકાસણી કરશે. જો સાઇન મેચ નહી થાય તો જ ચેક રીટર્ન થઇ શકશે.



### મોદી જટિલ પ્રશ્ને ઓબામા સાથે વાત કરશે

# બાંગ્લાદેશમાં બળવો થવાના સ્પષ્ટ સંકેતો : હેવાલમાં દાવો

ઢાકા,તા. ૨૫

ભારત કટ્ટરપંથી સંગઠન જમાત એ ઈસ્લામીની બાંગ્લાદેશમાં વધતી પ્રવૃતિને લઈને ચિંતાતુર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બાંગ્લાદેશમાં જમાત ઈસ્લામી બળવાના મુડમાં છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની તેમની ઐતિહાસિક યાત્રા દરમિયાન અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે આ મુદ્દે ચર્ચા કરે તેવી શક્યતા છે. પડોશી દેશમાં ત્રાસવાદી ગતિવિધીઓ અંગે ઓબામાને માહિતી આપશે. બાંગ્લાદેશી શાસક પાર્ટી અવામી લીગને ટેકો આપવાની વાત પણ મોદી કરી શકે છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓને ઢાકામાંથી માહિતી મળી છે કે આઈએસઆઈની સાથે નજીકના સંબંધો ધરાવનાર સંગઠન જમાત એ ઈસ્લામી શેખ હસીનાને પદભ્રષ્ટ કરવાના પ્રયાસમાં છે. સુત્રોએ કહ્યું છે કે જમાત એ ઈસ્લામી આ કામ બાંગ્લાદેશી સેનામાં રહેલા સાપ્રદાયિક તાકાતોની સાથે મળીને કરી શકે છે. શેખ હસીના આ ક્ષેત્રમાં ભારતના સૌથી નજીકના સાથી તરીકે છે. તેમની પાર્ટી અવામી લીગ ૨૦૦૯થી જ જમાત એ ઈસ્લામી સામે લડત ચલાવી રહી છે. જેથી કટ્ટરપંથીઓ આ સરકારને ટાર્ગેટ બનાવવા વિચારી રહ્યા છે. ગયા વર્ષે કોર્ટે આ સંગઠન પર ચૂંટણી લડવાથી પ્રતિબંધ મુક્યો હતો.મોદી આગામી સપ્તાહમાં અમેરિકા પ્રમુખ બરાક ઓબામા સાથે વાતચીત કરનાર છે. ભારત અને બાંગ્લાદેશ બન્ને અલ કાયદા અને અન્યો સાથે લડત ચલાવી રહ્યા છે.મોદીની અમેરિકી પ્રમુખ સાથે વાતચીત પર તમામની નજર રહેશે.

# મહત્વકાંક્ષી મેક ઇન ઇન્ડિયા અભિયાન વિધિવતરીતે શરૂ

નવીદિલ્હી,તા. ૨૫

પાંચ દિવસની અમેરિકાની ઐતિહાસિક યાત્રાએ રવાના થતાં પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્થાનિક મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા, મૂડીરોકાણને વધારવા, રોજગારીની તકો ઉભી કરવાના હેતુસર મહત્વકાંક્ષી પ્રોજેક્ટ મેક ઈન ઈન્ડિયાની શરૂઆત કરી હતી. દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત કાર્યક્રમમાં દેશના આશરે તમામ દિગ્ગજ ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે કેટલીક વિદેશી કંપનીઓના પ્રતિનિધિઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મેક ઈન ઈન્ડિયાની સાઈટને લોંચ કર્યા બાદ વડાપ્રધાને પોતાના ભાષણ મારફતે ઉદ્યોગપતિઓને ખાતરી આપી હતી કે, સરકાર બદલવાની સાથે જ ભારતમાં કારોબારનું વાતાવરણ બદલાઈ ચુક્યું છે. તેમનું મૂડીરોકાણ કોઈપણ કિંમતે ડુબવાની મંજુરી અપાશે નહીં. આ પ્રસંગે મોદીએ એફડીઆઈની નવી પરિભાષા આપીને કહ્યું હતું કે, ભારતીયો માટે આનો મતલબ ફર્સ્ટ ડેવલપ ઈન્ડિયા હોવો જોઈએ. મોદીએ ભાષણની શરૂઆત હળવાશના મૂડમાં કરી હતી. તેમણે કહ્યું હતું કે, હોલમાં અનેક બિઝનેસ લીડરોને સીટ મળી રહી નથી. આના માટે તેઓ માફી ઈચ્છે છે. આ હોલમાં આટલા લોકો બેસતા નથી. વડાપ્રધાને આ ટિપ્પણી કરતા ઉપસ્થિત લોકો ઉત્સાહિત થઈ ગયા હતા. ત્યારબાદ મોદીએ કહ્યું હતું કે, છેલ્લા બે ત્રણ વર્ષથી તેઓ જેને પણ મળતા હતા તે પોતાના કારોબારને વિદેશમાં શિફ્ટ કરવાની વાત કરતા હતા. તેમના આ નિવેદન પાછળ કોઈ રાજકીય હેતુ નથી. તેઓને આ જોઈને દુખ થાય છે કે, લોકો ભારતમાં રોકાણ કરવા માટે ઈચ્છુક નથી પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી માહોલને બદલવાના તેમની સરકારે પ્રયાસ કર્યા છે અને આમા સફળતા પણ મળી છે. દેશમાં માહોલ હવે બદલાઈ ચુક્યો છે અને લોકોમાં ઉત્સાહ વધ્યો છે. વેપારી દેશ છોડીને જવા ઈચ્છુક નથી. મોદીએ કહ્યું હતું કે, મૂડીરોકાણ આમંત્રણથી આવતા નથી. વિકાસ અને ગ્રોથ માટે વાતાવરણ તૈયાર કરવું પડે છે. ઉદ્યોગપતિઓને નીતિ અને માહોલના મોરચે વિશ્વાસ અપાવતા મોદીએ કહ્યું હતું કે, મૂડીરોકાણકારો અને ઉદ્યોગપતિઓને ચિંતાની જરૂર નથી તેમને નુકસાન થશે નહીં. મોદીએ દાવો કર્યો હતો કે, એજ અધિકારીઓ અને ફાઈલોથી માહોલ બદલી શકાય છે. મૂડીરોકાણકારો દેશની બહાર ન જાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. કાયદા પોતાની રીતે કામ કરે અને સરકાર પોતાની જવાબદારી અદા કરે તે જરૂરી છે. સુશાસનની સ્થિતિ જોવા મળી રહી છે. મેન્યુફેક્ચરિંગના મહત્વ અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, આનાથી નોકરીની તકો સર્જાશે. લોકોની ખરીદી શક્તિ વધશે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને મજબૂત કરવાની સાથે સાથે ગરીબ લોકોને સીધો ફાયદો મળે તે જરૂરી છે. સ્કીલ ડેવલપમેન્ટથી દેશ આગળ વધશે. આ ક્ષેત્રમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપને પ્રોત્સાહન આપવાની જરૂર છે. દેશના લોકો પર સરકાર વિશ્વાસ કરે તે જરૂરી છે.



# જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં ત્રાસવાદી અડ્ડાનો પર્દાફાશ થયો

શ્રીનગર,તા. ૨૫

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં આતંકવાદી અડ્ડાનો સુરક્ષાદળોએ આજે પર્દાફાશ કર્યો હતો અને મોટી માત્રામાં હથિયારો કબ્જે કર્યા હતા. સંરક્ષણ પ્રવક્તાએ કહ્યું હતું કે, ચોક્કસ બાતમીના આધારે સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. હેંડવારા વિસ્તારમાં આતંકવાદી અડ્ડા અંગે માહિતી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મોટી માત્રામાં મોતનો મસાલો કબ્જે કરાયો હતો. જોકે, કોઈ ત્રાસવાદીની ધરપકડ થઈ શકી નહતી.

સુરક્ષાદળોએ તપાસ ઓપરેશન હાથ ધર્યા બાદ ત્રણ એકે રાઈફલ, કેટલાક આરપીજી, યુબીજીએલ રાઉન્ડ, ચીની ગ્રેનેડ, એકે દારૂગોળો પકડી પાડ્યો હતો. આતંકીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવાઈ રહ્યા છે. બાતમી બાદ સુરક્ષાદળો દ્વારા મેળવવામાં આવેલી સફળતાને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જમ્મુ કાશ્મીરમાં તહેવારના ગાળા દરમિયાન આતંકીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં હતા. ત્રાસવાદીઓએ હથિયારો વન્ય વિસ્તારમાં છુપાવ્યા હતા અને યોગ્ય તકનો લાભ લઈને હથિયારોનો ઉપયોગ કરનાર હતા. પરંતુ સુરક્ષાદળોએ પહેલાથી જ આ હથિયારોને પકડી પાડીને રાજ્ય પરથી એક મોટી ઘાતને ટાળી દીધી છે.

### એમએન્ડએમ દ્વારા નવી સ્કોર્પિયો લોંચ

ઓટો કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ નવી જનરેશનની સ્કોર્પિયો કાર લોંચ કરી દીધી છે. આની કિંમત ૭.૯૮ લાખ રૂપિયા રાખવામાં આવી છે. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નવા પ્લેટફોર્મ ઉપર આ ગાડી તૈયાર કરવામાં આવી છે અને તેમાં તમામ નવી અતિઆધુનિક સુવિધા અને એડવાન્સ ટેકનોલોજી વિશેષતાઓ ઉમેરવામાં આવી છે. હોક એન્જિન ઉપર આધારિત આ એસયુવી કારમાં અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. સ્કોર્પિયોમાં લોકોને ગમી જાય તેવી સુવિધા રાખવામાં આવી છે. નવી સ્કોર્પિયો એસટુ, એસ૪, એસ૬, એસ૬પ્લસ, એસ૮, એસ ૧૦ રાખવામાં આવી છે. આ તમામ ગાડીઓ ૨.૨ એલએમ હોક એન્જિન ઉપર આધારિત છે. તેમની જરૂરિયાત મુજબ આ કારમાં સાત, આઠ, નવ સીટોના વિકલ્પ રહેશે.

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

તમો જો સત્તાસ્થાને હો તો તમારી સત્તાથી સમાજની હાલાકી દૂર કરવા પ્રયત્ન કરો. માત્ર નાણાં કે ધનથી જ મદદ થાય છે તેવું નથી. કયારેક તો માત્ર બે શબ્દો પણ કારગત નીવડે છે.'

આપણે ત્યાં તો પિતાનું ઋણ પુત્ર કે પૌત્ર ઉતારે તેવા દાખલાઓ છે. જીવન દરમિયાન સંપર્કમાં ઓલા વિવિધ ક્ષેત્રનાં નામી અનામી વ્યક્તિઓ પાસેથી જે કંઇ પ્રાપ્ત થયું છે તેને સંગોપીને, પોતાના સંસ્કાર વડે વધારે સમૃદ્ધ કરીને સંસારના પાયે ધરવું તેજ સાચો માર્ગ છે. દાદાનો સંકલ્પ - માત્ર સંકલ્પ પણ પૌત્રોને પુરો પાડવો હોય તેવા ઉદાહરણો મળે છે. હજી બે વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં મહુવા ગામે થયેલો મોટો વિષ્ણુપાત્ર આનો પુરાવો છે. યજ્ઞ એ આપણી સંસ્કૃતિનું ખાસ ચિહ્ન છે. યજ્ઞ, દાન, તથા તપ એ સનાનત ધર્મના પાયા ગણાય છે. આધુનિક સમયમાં યજ્ઞની ટીકા કરવામાં ઓ છે. યજ્ઞમાં અન્ન તથા ઘી નો નાશ કરવામાં આવે છે. તેમ મનાય છે. પણ યજ્ઞ એ તો અહિંસક ભાવના સાથે વ્યક્તિની સમૃદ્ધિ વહેંચવાની સમાજવાદી નીતિ છે. આજે સામ્યવાદી નીતિમાં જે નિયમો છે. સંપત્તિના માલિક સમાજ તે જ વાત યજ્ઞમાં છે. યજ્ઞ કરનાર યજ્ઞને અંતે પોતાની તમામ મિલ્કત સાર્વજનિક હેતુ માટે આપી દે છે એ સંપત્તિ વધારેમાં વધારે વ્યક્તિઓ વચ્ચે વહેંચાય છે. દાતા તથા પ્રતિગૃહિતા બંનેને સુખ તથા શાંતિ મળે છે. જયારે રાજકીય સમાજવાદ કે સામ્યવાદની પ્રક્રિયામાં એક પાસેથી પરાણે પડાવી લેવાની વાત હોય છે. એક સંસ્કારી માનવ તરીકે આપણી ફરજ છે કે આપણે તદ્દન ઋણુક્ત રહીએ. અને ત્યારે જ જયારે આપણે જે કંઇ પ્રાપ્ત કર્યું હોય તેના કરતાં સવાયું કે દોઢું પાછું વાળીએ. થોડું પાછું વાળવાથી ઋણમુક્ત નથી થવાતું માટે વધારે આપી શકીએ. ક્ષમતા હોવા છતાં ઇચ્છાશક્તિ ન હોય. આપવું બહું મુશ્કેલ છે. તેમ જો લાગતું હોય તો પરમાત્માને આ પ્રાર્થના છે કે પ્રભુ તેવી શક્તિ આપે તેથી પૂર્ણ ઋણમુક્ત થઇએ.

# આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન નાયડુની સુરક્ષામાં વધારો

હૈદરાબાદ,તા. ૨૫

આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુની સુરક્ષા વ્યવસ્થામાં તીવ્ર વધારો કરવામાં આવ્યો છે. ઈન્ટેલિજન્સ સંસ્થા દ્વારા તેમની સામે ખતરો હોવાની વાત કર્યા બાદ તેમની અને તેમના ઓફિસ ખાતે સુરક્ષા મજબુત કરવામાં આવી છે. તેમનાી ઓફિસ આઠમા માળે છે. એકબાજુ તેલુગુ ટલ્લી ફ્લાયઓવર તરફ દોરી જનાર મુખ્ય માર્ગની સામે તેમના રૂમની બારી ખુલે છે. તેમની ઓફિસ જેટલી જ ઉંચાઇની અન્ય કેટલીક ઈમારતો પણ મુખ્યપ્રધાનની ઓફિસ ઈમારતની બિલકુલ સામે આવેલી છે. સુરક્ષા સંસ્થાઓ માને છે કે અર્મતા હોટેલ અને બિરલા મંદિરને અહીંથી જોઇ શકાય છે. નાયડુની સુરક્ષા માટે આ બે સ્થળ ખતરારૂપ બની શકે છે. આવી જ રીતે ઈન્ટેલિજન્સ સંસ્થાઓ માને છે કે ફ્લાયઓવરની ઉંચાઇ પણ ખતરો ઉભો કરી શકે છે. તેમનુ કહેવુ છે કે કેટલીક અન્ય ઈમારતો પણ છે જ્યાંથી આ ઈમારતમાં થતી પ્રવૃતિને સરળતાથી નિહાળી શકાય છે. અગાઉ સુરક્ષાના કેટલાક પગલા લેવામાં આવ્યા હતા પરંતુ હવે સુરક્ષા વધારી દેવામાં આવ છે.

હવે બુલેટ પ્રુફ દિવાલની સાથે સાથે વધારાના સુરક્ષા પગલા લેવામાં આવ્યા છે. પહેલા કેટલીક જગ્યાએ બુલેટ પ્રુફ ગ્લાસ મુકવામાં આવ્યા હતા. સુરક્ષા અધિકારીઓનુ કહેવુ છે કે તમામ સુરક્ષા પગલાને અમલી બનાવવામાં થોડોક સમય લાગી શકે છે. પહેલા નાયડુએ તેમની ઓફિસમાં ફેરફાર કરવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ હવે સુરક્ષા પાસાના લીધે ફેરફાર માટે માની ગયા છે. જેથી ટુંકમાં વધુ સુરક્ષા ગોઠવી દેવામાં આવશે.નાયડુ સામે રહેલા ખતરા અંગે સુરક્ષા સંસ્થાઓએ વધુ કોઇ વાત કરી નથી.

## સેલના બંગાળ પ્લાન્ટમાં બ્લાસ્ટ ૩૦ ઈજાગ્રસ્ત

બર્નપુર, તા. ૨૫

પશ્ચિમ બંગાળના બર્નપુર ખાતે સેલના આઈઆઈએસસીઓ સ્ટીલ પ્લાન્ટ ખાતે પાઈપલાઈનમાં વિસ્ફોટ બાદ આગ ફાટી નિકળતા ૩૦ લોકોને ઈજા થઈ છે જે પૈકીના બેની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તમામ અસરગ્રસ્તોને તાત્કાલિક તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ બનાવ આજે ૧૨.૧૫ વાગે સેલના સ્ટીલ પ્લાન્ટમાં બન્યો હતો. આશરે ૨૧ અસરગ્રસ્ત લોકોને તબીબી સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ન્યુકોક ઓવેન બેટરી નંબર ૧૧માં બ્લાસ્ટ બાદ આગ ફાટી નિકળી હતી. ચોક્કસ પ્રકારની કામગીરી ચાલી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો.

### સ્વચ્છતા અભિયાન દેશભરમાં હાથ ધરાશે

# બીજી ઓક્ટોબરે ઉપસ્થિત રહેવા બધા કર્મીને આદેશ

નવીદિલ્હી,તા. ૨૫

તમામ કેન્દ્ર સરકારના કર્મચારીઓને બીજી ઓક્ટોબરના દિવસે તેમની ઓફિસમાં ઉપસ્થિત રહેવા માટે કહેવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સરકારે સ્વચ્છ ઈન્ડિયા ઝુંબેશ હાથ ધરી છે જેના ભાગરુપે સાફ સફાઈ અભિયાન હાથ ધરવા માટે તમામને ઉપસ્થિત રહેવા માટે કહેવામાં આવ્યું છે. બીજી ઓક્ટોબરને રાષ્ટ્રીય રજાના દિવસ તરીકે મનાવવામાં આવે છે પરંતુ આ વખતે તમામ કર્મચારીઓને ઓફિસમાં ઉપસ્થિત રહેવા કહેવામાં આવ્યું છે. ગાંધીની જન્મજયંતિ પણ રહેલી છે. કર્મચારીઓને સ્વચ્છતા શપથ પણ સરકારી ઓફિસમાં લેવડાવવામાં આવશે. જાહેર કાર્યક્રમો પણ યોજાશે. બીજી ઓક્ટોબરે ઘણા ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તમામ સરકારી સચિવાલયોને કેબિટને સેક્રેટરી અજીત શેઠ દ્વારા આદેશ જારી કરીને આ મુજબની સૂચના આપવામાં આવી છે. દરેક મંત્રાલયોને સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા માટે કહેવામાં આવ્યું છે. સાથે સાથે જનજાગૃતિ ઝુંબેશમાં ભાગ લેવા માટે પણ કહેવામાં આવ્યું છે. દેશને સ્વચ્છ બનાવવાના હેતુથી સામૂહિક ચળવળ તરીકે નરેન્દ્ર મોદી બીજી ઓક્ટોબરે ક્લીન ઈન્ડિયા ઝુંબેશ હાથ ધરનાર છે. એક સપ્તાહ સુધી આ ઝુંબેશ ચાલનાર છે જેના ભાગરુપે તમામ જગ્યાઓએથી ગદંગી અને કચરાને દૂર કરાશે. સામૂહિક જાહેર જાગૃત્તિ જગાવવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વચ્છ ભારતની જાહેરાત કરી હતી. કેબિનેટ સેક્રેટરી લેખિતમાં પણ જાર કરી દીધી છે. વરિષ્ઠ અધિકારીઓ સ્પષ્ટરીતે સક્રિય થઈ ગયા છે. કેન્દ્રીય ઓફિસોમાં વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. રેલવે સ્ટેશન, જાહેર સ્થળ, સ્કૂલો, હોસ્પિટલો, નોકરીની જગ્યાઓ, રસ્તાઓ અને માર્કેટ, સ્મારકો, નદી અને અન્ય તમામ જાહેર સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે.

## સમાચાર ઝલક

- વ્યાજખોરોની સામે પગલા લેવા ગ્રાહક સુક્ષાની માંગ.
- વિદેશી રોકાણકારોને આકર્ષવા ટુંકમાં બે પોલીસીઓ ગુજરાત સરકાર જાહેર કરશે.
- નોર્વેના ત્રણ વ્યકિતઓએ ૨૪ કલાકમાં ૧૯ દેશોની મુસાફરી કરી વિશ્વ વિક્રમ સર્જયો.
- બિલ્ડરો ગ્રાહકોને છેતરશે તો ફોજદારી ગુનો બનશે પરિપત્ર બહાર પડયો.
- ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા વર્લ્ડ ફાઈનલ માટે કવોલીફાઈ.
- ૮૯પથી વધુ રામકથાની જ્ઞાન સરિતાવાળા પૂ. મોરારીબાપુનો ૬૯મો જન્મદિન ચાહકોએ મનાવ્યો.
- બિહારમાં ભૂલથી કોઈ છોકરીને મીસ્ડ કોલ કર્યો તો ધરપકડ અને સજા થશે.
- મંગળયાનના ઉપકરણો પ્રદાન કરવામાં રાજકોટનો સિંહફાળો.
- પાકિસ્તાનની બોલ્ડ અભિનેત્રી વીણા મલિક માતા બની. પુત્રને જન્મ આપ્યો.
- ગંભીર રોગોની ૧૦૮ દવાઓ પરના ભાવ નિયંત્રણો પાછા ખેંચાયા.
- ધર્મપાલન માટે કોઈને ફરજ પાડી શકાય નહિં : મુંબઈ હાઈકોર્ટ.
- વિજયાદશમીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રેડિયો પર જનતા સાથે રૂબરૂ ચર્ચા કરશે.
- નવરાત્રિ ઉત્સવની દેશ વિદેશમાં શાનદાર ઉજવણીની શરૂઆત. નવા ગીતોનો ક્રેઝ.